साहित्य मंथन
भारते मातु भारती
# Sahitya Manthan
A Peer-Reviewed, Open Access e-journal
ISSN: 2582 6867, Website: http://www.sahityamanthan.in
Year-5, Issue-4, Continuous Issue-33-34, September October 2025

# ઉત્તર ગુજરાતના રબારી જ્ઞાતિના સંતો અને ગુરૂગાદી

-ડૉ. રાજેશભાઈ એમ. રબારી

સંશોધન સારાંશ:

સૃષ્ટિનું સર્જન થયું ત્યારથી મનુષ્ય પોતાના અસ્તિત્વને શોધતો ફરતો હતો અને આ બાબત થકી જીવ અને જીવાત્માને જાણવા અને સમજવા માટે પ્રયત્ન કરતો આવ્યો છે એના માટે મનુષ્ય વન,નદી પર્વતોમાં ધ્યાન, યોગ, તપ વગેરે થકી આ પરંપરા દ્વારા જે મનુષ્ય જીવ અને જીવાત્માને જાણી લીધું ત્યારથી સંત, મહંત, સાધુ અને અવધૂત વગેરે અવસ્થા થકી ગુરુ-શિષ્ય પરંપરા અથવા ગુરૂગાદી અને અખંડ ભજન, ભોજન અને સત્કાર્યો થકી અન્ય મનુષ્ય જીવ અને સૃષ્ટિના અન્ય જીવના ઉદ્ધાર માટે પણ પ્રયત્ન કરતો રહ્યો છે આ પરંપરાને જાણવી એ ઈશ્વરીય કૃપા ગણાય છે કેમ કે ભગવદ્ ગીતામાં પણ કહ્યું છે ઇશ્વરની વગર આ સૃષ્ટિમાં કંઈ શક્ય નથી જ્યારથી મનુષ્ય પરમ તત્ત્વને જાણતો થયો ત્યારથી પ્રયત્ન કરવા લાગ્યો અને એ પ્રયત્નમાં ઈશ્વર કૃપા થઈ તે જીવ તત્ત્વ અમર અને અજય બની ગયા છે.

સમગ્ર સૃષ્ટિની વાત કરવી હોય તો આ જીવન પણ ટૂંકું પડે પણ સંશોધનને એક મર્યાદા સમજી અહીં ઉત્તર ગુજરાતના રબારી જ્ઞાતિના સંતો અને તેઓની ગુરૂગાદીનો અભ્યાસ કરવાનો હેતુ રહેલ છે.

ઉત્તર ગુજરાતમાં બનાસકાંઠા, સાબરકાંઠા, અરવલ્લી,પાટણ અને મહેસાણા વગેરે જિલ્લા આવે છે જેમાં રબારી જ્ઞાતિના સંતો અને ગુરૂગાદીની વાત કરીએ તો વાળીનાથમાં વિરમગીરીથી લઈ જયરામગીરી, વાગડોજ, ચવેલીમાં રવિભાણ આજના બળદેવદાસ, આસેડા ઇમામ શાહ બાવાની નિષ્કલંક નારાયણની જગ્યા, બાલીસણામાં ઓલિયા પીરની જગ્યા કાકા મેઘાએ કરેલ સ્થાપના, મદ્રીસણા દુધરેજ પરંપરા મહંતશ્રી વિરમગીરીથી આજના બાલકદાસજી, ટીંટોડા, ઉઘરોજ, શેરથા, ઝાંક, બાલસાસણ, માણેકનાથ નવનાથ શૈવ પરંપરા, અણખોલના મહંતશ્રી ગોવિંદનાથજી જૂનાગઢ ગિરનારના શેરનાથના શિષ્ય, શ્યામનગર વાળીનાથ અખડા પરંપરા, દેવ દરબાર ઓગળનાથ(દિયોદર), દેવ દરબાર(ઇડર), બાણ ગંગેશ્વર, વાગડી, દામા રામપુરા, કપાસિયા, ડુંગરપુરીનો ધૂણો, વાલેર એમ વિવિધ ગુરુગાદીઓ અને સંતોની અહીં વાત કરવાની છે.

<u>પ્રસ્તાવના:</u>

વિશ્વની આ ભૂમિ પર અનંત સંત સાધુ અને સતીઓ થઈ ગયા અને આજે પણ એ પરંપરા ચાલુ છે જેમાં આપણે સાધુ સંત અને સતી જતિની વાત કરતા હોઈએ છીએ ત્યારે ભારત અને ગુજરાતની ભૂમિને કેમ ભૂલાય?

જ્યારે આપણે સાધુ, સંતો અને સતીઓની વાત કરતા હોઈએ છીએ ત્યારે કોઈ ઉચ્ચનીચના ભેદ હોતા નથી પણ જે ભૂમિ અને જાતિમાં આ સંતો- સતીઓ થયા હોય તો તેને સંશોધનની એક મર્યાદા સમજી વાત કરીએ તો કાર્યક્ષેત્ર થકી આપણે જાણી શકતા હોઈએ છીએ.આજે અહીં મારે વાત કરવી છે ઉત્તર ગુજરાતના રબારી જ્ઞાતિના સંતોની.ગુજરાત પ્રદેશની અંદર સાચે રસ ધરાવીને આ સંશોધન કરવામાં આવે તો આ ભૂમિમાં એટલા બધા સંતો, મહંતો સાધુઓ અને સતીઓ થયા છે જેની વાત કરીએ એટલી ઓછી પડે પણ સંશોધનની એક મર્યાદાને ધ્યાને રાખી તેની સીમા ધ્યાને રાખવી પણ એટલી જરૂરી છે.

ઉત્તર ગુજરાતમાં બનાસકાંઠા, સાબરકાંઠા, અરવલ્લી, પાટણ અને મહેસાણા વગેરે જિલ્લા આવેલ છે. જેમાં વસતી રબારી જ્ઞાતિ અને તેઓની વિવિધ ગુરૂગાદી અને તે ગુરૂગાદીમાં અનોખી પરંપરા ચાલે છે. જેમ કે, અખાડા, પીર, રવિભાણ, નવનાથ, નકળંગ વગેરે.

અહીં પ્રાચીનમાં પ્રાચીન વાળીનાથની ગાદી ગણાય છે. જે મહેસાણા જિલ્લાના વિસનગર તાલુકાના તરભ ગામે આવેલ છે. વાળીનાથ, બાલીસણા, ચવેલી, આસેડા, મદ્રિસણા, દેત્રોજ, ઉધરોજ, શેરથા, બાલસાસણ, ટીંટોડા, ઝાંક, વાગડોજ, માણેકનાથ, કપાસિયા, દામા, પેપળુ, શ્યામનગર, વાગડી, બાણ ગંગેશ્વર, દેવ દરબાર (દિયોદર), દેવ દરબાર રામેશ્વર (ઇડર),અરઠી, ખરણા, અણખોલ વગેરે જગ્યા આવેલ છે. આ ગુરૂગાદી અને અહીંના સંતો, મહંતો, સતીઓ, સાધુઓના આગવા અને અનોખા ઇતિહાસ છે પણ સંશોધક તરીકે આજ સુધી આ દિશામાં કોઈએ ધ્યાન આપેલ નથી જે સાચે મારી દ્રષ્ટિ ખૂબ એટલે ખૂબ જ દુઃખની વાત ગણી શકાય છે.

ઉત્તર ગુજરાતની ભૂમિ એક સંશોધનની મર્યાદાના કારણે બાકી સમગ્ર ગુજરાત અને ભારતમાં આવી અદ્ભૂત અને અનોખી  અનુભૂતિ જગાવનાર સંતો, મહંતો અને સતીઓ અલખની ધૂણી ધખાવી બેઠા છે ત્યાં જ્યારે સંશોધકનુ ધ્યાન જશે ત્યારે ખ્યાલ આવશે સાચે ભારત એ દેશ નથી પણ સાક્ષાત્કાર અધ્યાત્મનો ભેખ ધારણ કરેલ પરમ તત્વનો અવતાર છે જેમાં સાચે આપણે સંશોધક તરીકે સૌ એ તરફ ધ્યાન દેવા જેવું છે.

આજે આ જે ઉપક્રમ રાખ્યો છે વંદન નહી પણ અભિનંદનને પાત્ર છે, કારણ કે આ વિષય પર જ્યારે કામ શરૂ કર્યું અને જે સંતો- મહંતોના જે આશીર્વાદ મળ્યા છે તો આ તરફ જો સાચે આ જીવતર કાર્ય કરવા મળે તો જીવન ધન્ય બની જાય અને મનુષ્ય અવતાર લીધેલ સફળ થઈ જાય એવું મારું માનવું છે જે સાચે ઈશ્વર કૃપા વિના શકય નથી. જેને ઈશ્વરીય કૃપા થશે તો આ તરફ ધ્યાન જરૂર જશે એમાં કોઈ બે મત નથી તેની કૃપા વગર આ કાર્ય કરવું શક્ય પણ નથી.

<u>ઉત્તર ગુજરાતના રબારી જ્ઞાતિના સંતો અને તેઓની ગુરૂગાદી:</u>

<u>વાળીનાથ ધામ:</u>

આ ધામ મહેસાણા જિલ્લાના વિસનગર તાલુકાના તરભ ગામમાં વાળીનાથ ધામ તરીકે પૂજાય છે."શ્રી વાળીનાથ અખાડાનો ઈતિહાસ અતિ પ્રાચીન છે. પ્રવર્તમાન શ્રી વાળીનાથ અખાડામાં આવેલ શિવાલયની તપોભૂમિ પર બે હજાર વર્ષ પહેલાં આ આનર્ત પ્રદેશમાં આહીર લોકો દેવાધિદેવ શ્રી વાળીનાથજી મહાદેવની આરાધના કરતા હતા. એક દંતકથા એવી છે કે વાલ્મીકી મુનિએ અહીં ઘણા

વર્ષો સુધી તપ કરી ભોલેનાથ શંકરની ઉપાસના કરી ભજન કરેલું. વાલ્મીકી મુનિશ્રી વાળીનાથજી આબુના પર્વતોમાં જઈ સમાધિસ્થ થયેલા. કોઈકાળે ભયંકર દુષ્કાળની ચપેટમાં આ પ્રદેશ આવી ગયો. પ્રાચીન નગર અને શિવાલય ધરતીના પેટાળમાં ધરબાઈ ગયા."-

આજથી લગભગ નવસો વર્ષ પૂર્વે શ્રી વાળીનાથજીની જગ્યાવાળી તપોભૂમિ ઉપર પ.પૂ.વિરમગિરિજી મહારાજનું આગમન થયું હતું. તેમને વિસનગર, વાલમ તેમજ ઊંઝામાં કેટલોક સમય રહી જ્ઞાન અને ભકિતની ગંગા વહેવડાવી હતી. ભકતોમાં પ્રેમ, શૌર્ય અને શ્રદ્ધાની ભાવના જાગૃત કરી હતી. બાપુએ ઊંઝાના પાટીદારોમાં ધર્મની જાગૃતિ સાથે સાહસિકતા તેમજ શૌર્યના ગુણો પણ કેળવ્યા હતા. ઊંઝાના પાટીદારો તથા રબારી જ્ઞાતિના લોકો વિરમગિરિ બાપુને 'ગુરૂદેવ' તરીકે સંબોધન કરતા હતા. બાપુના બેસણાની જગ્યાએ આજે પણ યાદગીરી રૂપે 'ગુરૂદેવનો ધૂણો' શોભી રહ્યો છે. આજે પણ ઊંઝામાં કેટલાક પટેલો તથા રબારીઓ પ.પૂ.મહંતશ્રી વિરમગિરિબાપુનું સ્મરણ કરીને ખેતર, વાડી, નોકરી, ધંધો, દુકાનો કે પેઢીએ જાય છે. બાપુ પ્રત્યે અડગ શ્રદ્ધા હોવાથી ધંધા-રોજગારીમાં સારી બરકત થાય છે.

પ.પૂ.મહંતશ્રી વિરમગિરિ બાપુને ભેટમાં મળેલી રેમી ઘોડી, લાડકી ગાય તથા અખંડધૂણો વાળીનાથના પ્રતિક સમાન ગણાય છે. આજે પણ રેમીઘોડી, લાડકી ગાય તથા અખંડ ધૂણાને પૂજયભાવે સેવા કરવામાં આવે છે. આ ત્રણેય વાળીનાથની જગ્યામાં શોભી રહ્યા છે. રેમી ઘોડીના વંશવેલાની આશરે દસથી પંદર ઘોડીઓ વાળીનાથ ધામની શોભામાં વધારો કરી રહી છે. લાડકી ગાયના વંશવેલાની આશરે બસોથી અઢીસો ગાયો છે. આ ગાયોના દુધનું મેળવણ કરવામાં આવતું નથી કે ડેરીમાં ભરાવવામાં આવતું નથી પરંતુ વાળીનાથની જગ્યામાં પધારેલાં સંતો, ભકતના પ્રસાદ તરીકે ઉપયોગમાં લેવામાં આવે છે. રબારી સમાજ લગ્નપ્રસંગો હોય શુભ પ્રસંગોમાં વાળીનાથના મહંતો, સંતોના પગલાં કરાવે છે. શુભ પ્રસંગે વાળીનાથ મહાદેવની પૂજા-પાટ થાય છે તથા મરણ પ્રસંગે માળ-પાટની વિધિ કરાવે છે. નકળંગના પાટનું ખૂબ જ મહત્વ છે. નકળંગનો પાટ કરી, નકળંગની જયોત પ્રગટાવવામાં આવે છે. આખી રાત ભજન-સત્સંગ કરવામાં આવે છે.

વાળીનાથ મહાદેવના મંદિરની વાત કરીએ તો વાળીનાથ મહાદેવના મંદિરની શોભા અચરજ પમાડે એવી છે. મંદિરની અંદર-બહાર કાચની પચરંગી કટકીઓના જડતર વડે સુશોભિત કરવામાં આવેલ છે. મંદિરના પ્રવેશદ્વારની ડાબી બાજુએ સંતો, મહંતોની સમાધિઓ આવેલી છે. આ પવિત્ર ભૂમિ પર પાંચ જીવિત સમાધિઓ પણ વાળીનાથ ધામની શોભામાં અભિવૃદ્ધિ કરે છે

તરભ વિસનગર અને ઊંઝા વચ્ચે આવેલું છે. આ ગામનું નામ તરભોવનભાઈ મોયડાવના નામ પરથી પડયું હોવાનું મનાય છે. આ ગામમાં વાળીનાથની પવિત્ર અને પુરાતન જગ્યા આવેલી છે. વાળીનાથ મહાદેવનું મંદિર આનર્ત પ્રદેશમાં રૂપેણ અને પુષ્પાવતી નામની નદીઓની મધ્યમાં આવેલું છે. તરભની બાજુમાં વાલમ ગામ આવેલું છે. અહીં વાલ્મીકિ મુનિનું તપક્ષેત્ર હોવાનું મનાય છે.

તરભની બાજુમાં ઊંઝા ગામમાં ઉમિયા માતાજીનું પવિત્ર યાત્રાધામ આવેલું છે. ઐઠોર ગામમાં ગણપતિ બિરાજમાન છે. સિધ્ધપુર બિંદુ સરોવરમાં કાર્તિકેય તથા તરભમાં સ્વયંભૂ વાળીનાથ મહાદેવ બિરાજમાન છે. આનર્ત પ્રદેશની પુનિત ભૂમિ પર ભગવાન શિવજીનાં પરિવારનાં યાત્રાધામો આવેલા છે.આજથી સાતસો–આઠસો વર્ષ પહેલાં પરમ પૂજય મહંતશ્રી વિરમગિરિબાપુ ઉંઝાના સીમાડે આવીને જંગલ વિસ્તારમાં સમાધિસ્થ રહેતા હતા. અહીં કોઈ ગામ વસેલું ન હતું. પ.પૂ.વિરમગિરિબાપુનો પરમ

ભક્ત તરભોવનભાઈ તેમની સેવા કરતા હતા. તેઓ બાપુનાં ચમત્કારી પ્રસંગોથી અંજાઈને બાપુના સાનિધ્યમાં વસવાટ કરવા લાગ્યા. માલધારીઓ બાપુને પોતાના ગુરૂ બનાવીને તેમની આજુબાજુમાં નેસડો બાંધી રહેવા લાગ્યા. બાપુના આગ્રહથી તરભમાં દરજીઓ પણ વસવાટ કરવા લાગ્યા. આ ઉપરાંત રબારી, ચૌધરી, સેનમા, તુરી, દેવીપૂજક, ભંગી, લુહાર, વણઝારા, સુથાર, પટેલ અને ઠાકોર જેવી અઢાર વરણના લોકો વસે છે. આ ધર્મને પાળનારને દની તરીકે ઓળખવામાં આવે છે.

<u>વાળીનાથની સંસ્થાના પૂજ્ય મહંતશ્રી અને શ્રીકોઠારીબાપુના નામોની યાદી:</u>

(૧) પરમ પૂજ્ય મહંત શ્રી વિરમગીરી, (૨) પરમ પૂજ્ય મહંત શ્રી પ્રેમગીરીજી, (૩) પરમ પૂજ્ય મહંત શ્રી સંતોક ગીરીજી,(૪)પરમ પૂજ્ય મહંત શ્રી ગુલાબ ગીરીજી,(૫) પરમ પૂજ્ય મહંત શ્રીનાથગીરીજી- પરમ પૂજ્ય માનગિરી છે, (૬) પરમ પૂજ્ય મહંત શ્રી જગમાલગીરીજી- પરમ પૂજ્ય માનગિરીજી, (૭) પરમ પૂજ્ય મહંત શ્રી ભગવાન ગીરીજી- પરમ પૂજ્ય રેવાગીરીથીજી, (૮) પરમ પૂજ્ય મહંત શ્રી મોતીગીરીજી- પરમ પૂજ્ય અરજણ ગીરીજી,

(૯) પરમ પૂજ્ય મહંત શ્રી કેશવ ગીરીજી- પરમ પૂજ્ય અરજણ ગીરીજી, (૧૦) પરમ પૂજ્ય મહંત શ્રી શંભુગીરીજી- પરમ પૂજ્ય અરજણ ગિરીજી, (૧૧) પરમ પૂજ્ય મહંત શ્રી હરિ ગીરીજી- પરમ પૂજ્ય હેમગીરીજી, (૧૨) પરમ પૂજ્ય મહંત શ્રી સુરજ ગીરી- પરમ પૂજ્ય રણછોડગીરીજી, (૧૩) પરમ પૂજ્ય મહંત શ્રી બળદેવ ગીરીજી- પરમ પૂજ્ય ગોવિંદ ગીરીજી, (૧૪) પરમ પૂજ્ય મહંત શ્રી જય રામગીરીજી- પરમ પૂજ્ય દશરથ ગીરીજી આજે આ મહંત અને કોઠારી હયાત છે.

પરમ પૂજયશ્રી ચરણગિરિજી જેઓ ઊંઝા પાસેના ઉનાવા ગામના વતની હતા મૂળ નામ વેલાભાઈ વશરામ ભાઈ રબારી જેઓના ગુરુ કૃષ્ણાત્મકજી મહારાજ હતાં. પૂજ્ય ચરણગિરિના સેવકગણ તેઓને અવધૂતના નામે પણ ઓળખતા હતા. વાળીનાથ અખાડામાં પાંચ જીવંત સમાધિઓ આવેલી છે. જે વાળીનાથ ધામમાં શોભનીય છે. આ જીવંત સમાધિઓ લીધેલ મહાત્માઓના નામ આ પ્રમાણે છે: (૧) પ.પૂ. મહંતશ્રી વિરમગિરિ બાપુ, (૨) પરમ પૂજયશ્રી જીવારામગિરીજી, (૩) વાલમના સતી માલબાઈ, (૪) પુરી સંત, (૫) ભાલકના મુસ્લિમ નાથબાઈ

<u>પીરાણા ધામ :</u>

અમદાવાદ પાસે આવેલ આ સનાતન ધર્મની રબારી જ્ઞાતિની જગ્યા છે. આ ધર્મનો પ્રચાર કરતા આ જગ્યા ઓલિયા પીર અથવા ઇમામશાહ બાવાની જગ્યા તરીકે પૂજાય છે. જેમાં બાલીસણા જે પાટણ જિલ્લામાં અને આસેડા ગામ એ ડીસા તાલુકામાં આવેલ છે જ્યાં આ ધર્મની પૂજા થાય છે આ જગ્યાને માનનારને ધર્મી કહેવાય છે. આ પરંપરા પાળનાર રબારી મુખ્ય ઉત્તર ગુજરાતના અને અહીંના જે મહંત થયા તે પણ ઉત્તર ગુજરાતના હોવાથી આ ગાદીનો ઉલ્લેખ અહીં કરેલ છે.

આમ, રબારી સમાજની ઉપરોકત ગુરૂગાદીઓ આવેલી છે. તેઓ પોતાની ગુરૂગાદીમાં ખૂબ જ માને છે. ધર્મગુરૂને તેઓ ભગવાન તરીકે પૂજે છે. ગુરુનું સ્થાન ખૂબ જ ઉચું છે અને તેમનો મહિમા અપરંપાર છે. આ સમાજ ગુરૂની આજ્ઞાનું પાલન કરી ગુરૂના વચને ચાલનારો છે. સામાજિક પ્રસંગોમાં ધર્મગુરૂઓને આમંત્રણ આપે છે, વાજતે ગાજતે તેમનું સામૈયું કરે છે.રબારી સમાજમાં ધાર્મિક દ્રષ્ટિએ બે પંથો પડયા છે. (૧) સનાતન ધર્મ (૨) સંતપંથ ધર્મ. સનાતન ધર્મમાં માનનારા લોક પીરાણાપંથી કહેવાય છે. આ લોકોને લસણ, ડુંગળી તથા તમાકુના વ્યસનની મનાઈ છે. તેઓ ઓલિયામાં માને છે.

સનાતન પીરાણા પંથની જગ્યા અમદાવાદ આવેલ છે. પીરાણાપંથની જગ્યા અમદાવાદ ઉપરાંત પાટણ જિલ્લાનાં બાલીસણા ગામે તથા ડીસા તાલુકાનાં આસેડા ગામે આવેલી છે. અમદાવાદમાં આવેલી પીરાણાપંથની જગ્યા ચાર ભાગમાં વિભાજીત છે.

(૧) મોટો રોજો – ગુરૂ કરશન કાકા (જાતિએ પટેલ),

(૨) સાતીયાની જગ્યા ગુરૂ ભગવાન કાકા (જાતિએ રબારી) હાલમાં પ્રભાતકાકા ગુરૂગાદી સંભાળે છે, (૩) આકીયાની જગ્યા – આ જગ્યામાં પટેલો શ્રદ્ધા ધરાવે છે, (૪) પાંચીયાની જગ્યા—આ જગ્યામાં હાલ ગાદીપતિ નથી.

આ પંથમાં માનનારા રોજા કરે, માળા ફેરવે છતાં શુદ્ધ શાકાહારી હોય છે. આ પંથમાં માનનારા લોકોને ધરમી તરીકે ઓળખવામાં આવે છે. તેમનાં ઘરે બાળક જન્મે તો સવા મહિને પૂજા કરાવે છે. ભગત પાસે આવી ઓલિયાની દીવાની સાક્ષીએ પૂજા લે છે. તેમને નૂર પાવામાં આવે છે. જન્મેલા બાળકના કાંકણ બાંધવામાં આવે છે પછી શિરાનો બનાવેલ પ્રસાદ તથા નુર પૂજા લેવા આવનાર લોકોને વહેંચવામાં આવે છે. પુજા લેનાર લોકો ઉભા થઈ કલમા બોલે છે, તથા નકળંગનો ફોટો જોઈ પુજાવિધિ પૂરી કરે છે. જે લોકોએ પુજા લીધેલ નથી તેઓ ઓલિયાનો દીવો જોઈ શકતા નથી તથા પ્રસાદ પણ આપવામાં આવતો નથી.મૈયત પ્રસંગે હુટાણું વળાવાની વિધિ પણ સવા મહિને ભગત કરે છે. સંતપંથ માનનારા લોકોને દની તરીકે ઓળખવામાં આવે છે. તેઓ ગુરૂ બનાવે છે. તેમને લસણ, ડુંગળી અને તમાકુ વ્યસનની કોઈ મનાઈ હોતી નથી. બાળક જન્મે તેનાં થોડા મહિના પછી ગુરૂ પાસે કાન કુંકાવે છે તથા કોઈના મૈયત પ્રસંગમાં માળ બંધાવવાની વિધિ પણ કરાવે છે.

<u>બાલીસણા ધામ:</u>

પાટણ જિલ્લામાં આવેલ આ ઇમામશાહ બાવાની જગ્યા છે આ જગ્યાના સ્થાપક કાકા મેઘા હતા જેઓ પાટણ જિલ્લાના ખાનપુર ગામના વતની હતા હાલ આ જગ્યાનો વહીવટ હાલમાં બાલીસણા ગામના વતની બાબુભાઈ સરતાનભાઈ નોગોહ અને ઊંઝાના નાગજીભાઈ રબારી સંભાળે છે.

<u>આસેડા ધામ:</u>

આ જગ્યા બનાસકાંઠાના ડીસા તાલુકામાં આવેલ છે આ જગ્યા સતપંથ રબારી સમાજની જગ્યા અથવા સુરાબાવાની જગ્યા તરીકે ઓળખાય છે. આ જગ્યાને સ્થાપે આશરે 300 વર્ષ થઈ ગયા જેના સ્થાપક તરીકે પાટણ જિલ્લામાં આવેલ ડેર ગામના વતની જતન બા શાખે ખાંભલ્યા હતા ત્યારબાદ આ સંતોની પરંપરા ચાલે છે જેમ કે;અખીકાકા સમૌ મોટાના શાખે નાવોર, ગોદડ કાકા ખરડોસણના શાખે ખાંભલ્યા, ખોડાકાકા આસેડાના શાખે ખટાણા, રાયમલકાકા આસેડાના શાખે નોગોહ સૂફીસંત જેવા, મચૈજીકાકા ભદ્રાડાના શાખે ભૂંગોર વગેરે છે.

<u>મદ્રીસણા ધામ:</u>

આ જગ્યા મહેસાણા જિલ્લાના કડી તાલુકામાં આવેલ છે આ સંસ્થાના સ્થાપક બેચરાજી તાલુકાના આદિવાડાના ગામના ખટાણા શાખના સંતશ્રી વિરમ સ્વામી હતા. આશરે સોળમી સદીમાં ભગત વિરમસ્વામીએ અલખધણીની ધૂણી ધખાવીને પંડની પલાંઠીવાળી ને પ્રભુ પરમાત્માને પામવાં આયખું અર્પણ, તર્પણ ને સમર્પણએ જીવંત સમાધિએ સાક્ષાત્કારનાં અનેક પરણા પ્રમાણ લોક હૈયે મોજુદ છે.

ભગત વિરમ સ્વામીની ના વાવડ સાંભળીને એમનાં બહેન રાજીબેન, એમના સગાભાઈ રામશીભાઈ એમનાં શિષ્ય લાલા ભગત વાલ્મીકી એમની સાથે ભજનધરામાં લીન એવાં આઈ લાધી ચારણમાં સાથે એમના આરાધ્ય દેવ ગોગા મહારાજ માનવ દેહધારણ કરીને આવ્યા હતા બાજુના સરોવર માં સ્નાન કરવા ગયા અને નાગ સ્વરૂપે જીવંત સમાધિષ્ઠ થયા હતા. આવા સંજોગો ગુજરાત નહીં પણ ભારતવર્ષમાં ઓછા હશે કે એક સાધુનો વિયોગ સહન ન કરવો પડે એમની સાથે આ લોક નહીં પણ પરલોકમાં પરમાત્માની પ્રીત માટે સજોડે સ્વર્ગસ્થ ઘટના ઓછી હશે એવા સંત શિરોમણી શ્રી વિરમ સ્વામીની જાગ્રત ચૈતન્ય સમાધિના દર્શને આયખે આધિ વ્યાધિ ને ઉપાધિનો અંત એવા સંતના સંતપણાને વંદના.. આ વડવાળા મંદિર ના સેવક ગણ એટલે ચુંવાળ પરગણા રબારી સમાજની શ્રધ્ધા આસ્થા અને વિશ્વાસના પ્રતિક સમી જગ્યા છે. આજે અયોધ્યામાં રામ દિવાળી પાંચસો વર્ષે પૂર્ણપુરૂષોત્મ પ્રભુ રામ લલ્લા પધાર્યા એમ આ જગ્યાએ રબારી સમાજના ઋષિ ભકત શિરોમણી ભકિતરામ વિરમસ્વામીની સ્મૃતિમાં ભવ્ય દિવ્ય અલૌકિક જીવંત નવ નવ સમાજધસ્થ સ્થાને તા. ૨૬ જાન્યુઆરી ૨૦૨૪ એ મંદિર માં મંગલાચરણ આરતી આ સાધુ પરંપરા ઉજાગર થશે. આજે આ જગ્યા માં સોળમાં ગાદીપતિ મહંતશ્રી બાલકદાસબાપુ ગુરૂવર્ય દયારામ મહારાજનો આભ જેવડો આવકારો પરોણા એ જ પરમાત્મા. ટુકડો ત્યાં હરિ ઢુકડો સદાવ્રત એવી વડ ગુરુ ગાદીની પરંપરા એ ચુંવાળ પરગણાના રબારી સમાજની ગુરુ ગાદીનાં રૂડા અવસરે ઉત્તર ગુજરાતના દરેક નેહડા દ્વારા લાખો નહીં પણ કરોડો રૂપિયા દાન અર્પણ કરી ભવ્યાતિભવ્ય મંદિર નિર્માણ સાથે આંતર રાષ્ટ્રીય કથાકાર પૂજય જીજ્ઞેશદાદાની કથાનું આયોજન કરવામાં આવ્યું છે.

<u>શ્રી વડવાળા મંદિર, મદ્રીસણા-રૂપા ટેકરી રબારી સમાજના ભગતો:</u>

૧. વિરમ ભગત : જગ્યાના આદ્ય: સ્થાપક સંત શ્રી વિરમસ્વામી મહારાજ, ૨. રૂપા ભગત, ૩. ગોકળ ભગત, ૪. દેવા ભગત, ૫. રાજા ભગત, ૬. કમશી ભગત, ૭. લખા ભગત, ૮. હેગોળ ભગત

<u>શ્રી વડવાળા મંદિર મદ્રીસણાનાં મહંતશ્રી સાધુ પરંપરાએ</u>

૯. મહંતશ્રી લખમણદાસજી, ૧૦. મહંતશ્રી દેવીદાસજી, ૧૧. મહંતશ્રી અરજણદાસજી, શ્રી વડવાળા મંદિર, દુધરેજનાં સંતશ્રી જાનકીદાસજીના દિક્ષિત, ૧૨. મહંતશ્રી ગોમતીદાસજી, ૧૩. મહંતશ્રી રણછોડદાસજી, ૧૪. મહંતશ્રી મગ્નીરામદાસજી, ૧૫. મહંતશ્રી દયારામજી, ૧૬. મહંતશ્રી બાલકદાસજી, બ્રહ્મલીન કાનદાસબાપુ, સાધુ હરિદાસજી ગુરુશ્રી બાલકદાસજી, સાધુ ચેતનદાસજી ગુરુશ્રી બાલકદાસજી

<u>નવ ચેતન (જીવંત) સમાધિ સ્થાન રૂપા ટેકરી:</u>

૧. ક્ષત્રિય કૂલ ભૂષણ ચંદ્રસિંહ જે  રામપુરા ભકોડા નાં વતની જે આજે રૂપા ટેકરી પર ચાંદલ પીર થઈ પૂજાય છે. જેમની પ્રથમ ખાંભી,

૨. ચેતન સમાધિષ્ઠ આધઃ સ્થાપક ભક્ત શિરોમણી શ્રી વિરમ સ્વામી જેમને આધીવાડા ગામે ખટાણા શાખ માં જન્મ ધર્યો થયો હતો.. શ્રી વડવાળા મંદિર મદ્રીસણા રૂપા ટેકરી,

૩. ચેતન સમાધિષ્ઠ રાજીમા જે વિરમ સ્વામીના મોટા બહેન અને દુધરેજ વડવાળા મંદિર નાં રબારી સમાજના પ્રથમ મહંતશ્રી લબ્ધરામ સ્વામી નાં માતૃશ્રી, જેમને નાના ભાઈ નાં સમાધિ સમાચાર મળતાં વિલાપ માં અહી સમાધિ થયા..આ જગ્યા અને દુધરેજ જગ્યા મામા ભાણેજ નો નાતો છે,

૪. ચેતન સમાધિષ્ઠ આઈ શ્રી લાધી માં ચારણ જગદંબા વરાણા શ્રી ખોડિયાર માતાજીનાં પરમ ઉપાસક મૂળ વિરસોડા ગામના વતની.

૫. ચેતન સમાધિષ્ઠ સંત શ્રી લાલ સ્વામી ( લાલા ભગત) જેમને વાલ્મીકિ સમાજમાં જન્મ લઈ વિરમ સ્વામી ની સેવા કરી શિષ્ય બન્યા.

૬. ચેતન સમાધિષ્ઠ સંત શ્રી નાગ સ્વામી ..કોઈ તપસ્વી મહાપુરુષ આવ્યાં એમણે પણ જીવંત સમાધિ ગોગા મહારાજ ( નાગ સ્વામી) સ્વરૂપે લીધી.

૭. ચેતન સમાધિષ્ઠ ભક્ત કવિરાજ શ્રી ગેલદાન ગઢવી (ગેલા ભગત) જે મુળ કડી પાસે ઇરાણા ગામના વતની.

૮. ચેતન સમાધિષ્ઠ ભક્ત રાણાજી એક અજ્ઞાત મહાપુરુષ જે જોધપુર ક્ષત્રિય સમાજનાં હતા જેમણે પોતાને વિરમ સ્વામીનાં શિષ્ય ગણાવી સમાધિ થયા.

૯. ચેતન સમાધિષ્ઠ સંત શ્રી લક્ષમણદાસ ( વામન સ્વરૂપ) જેમણે ભક્તો ભુરીયા મહારાજ તરીકે ઓળખતા.જે મુળ રામપુરા નાં લુણી.

આ નવ ચેતન સમાધિષ્ઠ સંતો મહાપુરુષો નાં તપ થી રૂપા ટેકરી તપસ્વી છે. આ સિવાય બાજુમાં નદિસાળા ગામની તળાવની પાળે શ્રી વિરમ સ્વામી મહારાજ ના મોટા ભાઈ શ્રી રામજી ભગતની પણ જીવંત સમાધિ હાજર છે. આ ચુંવાળ મધ્ય માં નવ નવ જીવંત સમાધિએ પીરાણું પ્રગટ છે,

આમ રબારી સમાજની ત્રણ, ક્ષત્રિય સમાજ ની બે, ચારણ ગઢવી સમાજ ની બે, વાલ્મિકી સમાજ ની એક,એક ગોગા મહારાજ દેહ સ્વરૂપે, આ તપોભૂમિ ની વિરલ ધટના છે..(✍🏻 દાદુભાઈ રબારી- પાટડી)

<u>ચવેલી ધામ:</u>

ચવેલી રવિભાણની જગ્યા છે આ જગ્યા વિશે એવું કહેવાય છે અહીં રવિભાણ સંપ્રદાયના શિષ્ય અને વડાવલી ગામના સંત તેઓના ગામમાં મઠ સ્થાપે છે આજે પણ એ મઠનું આગવું અનોખું મહત્ત્વ છે ત્યારબાદ અહીં નડિયાદની બાજુના ગામના શેખા શાખના રબારી ગાદીપતિ સંત બને છે ત્યારબાદ આદિવાડાના આત્મારામ, કનોડા ગામના ઘોઘળ શાખના દશરથ દાસ રબારી, જીતોડાના ભાટચ્યા શાખના સુંદરદાસ રબારી અને હાલ નાગલપુરના નોગોહ શાખના દશરથદાસ બાપુ હયાત છે આ જગ્યામાં સુરપુરાના નોગોહ કોઠારી છે આજે આ જગ્યામાં ચાર સંતની જીવત સમાધિ છે

ચવેલીના એક સંતની બે જગ્યાએ પૂજા થાય છે જે કડી પાસે આવેલ બાલસાસણમાં પાદુકા પૂજાય છે. ચવેલીની જગ્યા પહેલા ઉત્તર ગુજરાતના રબારી ટીંટોડા ને ગુરૂગાદી તરીકે પૂજતા હતા અને ટીંટોડામાં મામેરું ભર્યા બાદ આજે પણ ચવેલીમાં બાલસાસણ અને ટીંટોડા ગાદીના મહંતની હાજરી દરેક પ્રસંગમાં હોય છે જે મામા ભાણેજના સંબંધના કારણ ત્યારબાદ ધીરે ધીરે મહેસાણા જીલ્લો અને પાટણ જિલ્લાના સૌથી વધુ ગામ ચવેલી ગુરુદ્વારામાં માનતો થયો છે.

<u>ઝાંક ધામ:</u>

ગાંધીનગર જિલ્લામાં આવેલ ઝાંકની જગ્યા છે. પણ આ જગ્યામાં ઉત્તર ગુજરાતના રબારી જ્ઞાતિના લોકો માને છે માટે અહીં આ ગુરૂગાદી અને સંતોની વાત કરવામાં આવી છે. જે આજે વડવાળાધામની પરંપરા સાથે જોડાયેલ છે.આ જગ્યાની સ્થાપના વિ. સં. ૧૮૦૪માં થયેલ હતી ત્યારે ગાયકવાડી રાજ હતું. ત્યારે દહેગામમાં આવેલ લવાર ગામમાં ઠાકોર સાહેબનું રાજ હતું ત્યારે લેબ

ઉંટેડા પાસેના ચેલાણા શાખના પ. પૂ. લક્ષ્મીસ્વામી અહીં આવ્યાં હતા. સુવાળાના નોગોહ બે સગા ભાઈ શિષ્યો જેઓને દહેગામ રખિયાલ મોકલ્યા ત્યાં ગૃહસ્થી પરંપરા ચાલે છે જે ઝાંકની પેટા શાખા જ છે. ઝાંક ગુરુ ગાદી ટીંટોડાની ત્રીજી પેઢીની પરંપરા મહંત લક્ષ્મીસ્વામી ગંગાસ્વામી દીક્ષા લીધી હતી.

પ. પૂ. લક્ષ્મી સ્વામીના શિષ્ય છાલાના મકવાણા શાખના ગોપાલસ્વામી ત્યારબાદ પરસોતમ સ્વામી ભગવાનદાસ ગોળાના ધોધોળ શિષ્ય મુનિસ્વામી પાલુંદ્રાના હઝાણા શાખના તેઓ ભજનાદી હોવાથી વહીવટ છોડી દીધો અને દહેગામના નારાયણ દાસ સેવાળ શાખના આવ્યા ત્યારબાદ જાનકીદાસ પેથાપુરના ભાટચ્ચા જેઓ મોસાળ ડભોડામાં રહેતા હતા ત્યારબાદ ગણેશદાસ બાપુ જેનપુરના હઝાણા શાખના હાલ હયાત છે જેઓએ ખૂબ વિકાસ કર્યો આ સંસ્થાનો હાલ તેઓના સાત શિષ્યો છે કાનદાસ, બળદેવદાસ, ગોવિંદદાસ, નરોત્તમદાસ, જયદેવદાસ, મનહરદાસ, રામદેવદાસ છે. જેમાં હાલ આઠ- નવ પરગણા લાગે છે જેમાં મરણ પ્રસંગે માળ પાટની પૂજા થાય છે.

દેત્રોજ ધામ કડી તાલુકામાં આવેલ છે જે જગ્યા પણ દુધરેજના વડવાળા પરંપરા સાથે જોડાયેલ છે ત્યાં હાલ મહંતશ્રી લખીરામ સ્વામી છે.

ટીંટોડા ધામના સ્થાપક મહંત જયરામ સ્વામી જેઓ શેરથાના મકવાણા શાખના હાલ મહંત લખીરામ અને શેરથા ધામમાં હાલ મહંત ગોમતીદાસ છે.

માણેકનાથ ધામ લોટલ બનાસકાંઠા જિલ્લાના દાંતા તાલુકામાં આવેલ છે. આ શૈવ પરંપરા ની જગ્યા છે ત્યાં હાલ મહંત શ્રવણ ભારથી છે. જૂના માણેકનાથ થી દીવો લાવી ખેડબ્રહ્માં શ્યામનગર નવું સ્થાપ્યું જેનો વહીવટ વાળીનાથ ધામ કરે છે તેના સ્થાપક મહંત શ્રી બળદેવગીરી બાપુ અને ગોવિંદગીરી બાપુ છે હાલ મહંત તરીકે સમીરસ્વામી છે જેમાં દેહ પરગણું માને છે

સાબરકાંઠા જિલ્લામાં આવેલ ઇડર તાલુકામાં આવેલ દેવ દરબાર ત્યાં કિષ્ણાજી અને ઉમાનંદજી જેઓ ડેર ગામના રંજ્યા શાખના રબારી હાલ મહંતશ્રી મંગળપુરી જેઓ રબારી છે.

બનાસકાંઠા જિલ્લામાં આવેલ અમીરગઢ તાલુકામાં આવેલ ડુંગરપુરીનો ધૂણો આ જગ્યામાં શેજપુરી અને સંજયપુરી રબારી સંત છે.

બનાસકાંઠા જિલ્લામાં આવેલ અમીરગઢ તાલુકામાં આવેલ કપાસિયામાં મહંત શ્રી શિવગીરી હાલ ત્યાં શંકરગીરી છે તેઓ પણ રબારી જ્ઞાતીના સંત છે.

બનાસકાંઠાના ડીસા તાલુકામાં દામા રામપુરા ત્યાં મહંત રામપુરી રબારી સંત છે.બનાસકાંઠાના ધાનેરા તાલુકામાં વાલેર ત્યાં મહંતશ્રી સુંદરપુરી છે

મહેસાણા જિલ્લામાં આવેલ ખેરાલુ તાલુકામાં વઘવાડીમાં બાણ ગંગેશ્વરની જગ્યા ત્યાંના મહંત હાલમાં મગનગરી છે જેઓ મહંતશ્રી બળદેવગીરીના શિષ્ય

મહેસાણા જિલ્લામાં આવેલ વડનગર તાલુકામાં વાગડી ત્યાં ક્રિષ્નાગિરી બાપુ રબારી જ્ઞાતિના સંત છે.

મહેસાણા જિલ્લામાં આવેલ ગોઝારીયા તાલુકામાં દુધરેજ પરંપરા ચાલે છે

મહેસાણા જિલ્લામાં આવેલ કડી તાલુકામાં આવેલ અણખોલ ત્યાં નાથ સંપ્રદાયના મહંતશ્રી ગોવિંદનાથ મહંતશ્રી શેરનાથ અલખધામ જેઓ પલિયડના ઘોઘળ શાખના રબારી છે આ ગાદીના સ્થાપક છે.

મહેસાણા જિલ્લામાં ખેરાલુ તાલુકામાં અરઠી ત્યાં મહંતશ્રી વેલજીબાપા છે અલખ દરબાર આગવી અને અનોખી રામદેવપીરની પરંપરા ચાલે છે.

ઉપસંહાર:

આ સંશોધન કાર્યમાં ઉત્તર ગુજરાતના રબારી જ્ઞાતિના સંતો અને ગુરૂગાદીની વાત કરવામાં આવી છે સંશોધનની મર્યાદાઓને ધ્યાને રાખી ખૂબ ટૂંકમાં વાત કરવામાં આવી આ સંશોધન અંગે વધુ અભ્યાસ અને કોઈ પ્રોજેક્ટ કાર્ય થકી આ કાર્યને ઉજાગર કરવાં આવે તો સાચે ખૂબ જ મહત્વપૂર્ણ કાર્ય થકી શકે છે એમાં બે મત નથી આવા સેમિનારો થકી ઉત્તર ગુજરાતના રબારી જ્ઞાતિના સંતો અને ગુરૂગાદીનો અભ્યાસ કરવા મળ્યો સાચે ખૂબ એટલે ખૂબ અજાણી વાતોથી વાકેફ થવા મળ્યું છે અને હજુ વિશ્વાસ છે આ કાર્ય અહીં ન અટકતા વધુ અભ્યાસ થકી ઉત્તમ અને ઉચ્ચ સંશોધન કાર્ય આવનાર સમયમાં સંત સાહિત્યને મળશે એવો વિશ્વાસ છે.

---

સંદર્ભ ગ્રંથ-સૂચિ:


૧) સંત સાહિત્ય, સંશોધન અને સમીક્ષા, ડૉ.નાથાલાલ ગોહિલ, પ્રકાશક નાથાલાલ ગોહિલ, જગદિશ પાર્ક એરોડ્રામ રોડ, કેશોદ, જી. જુનાગઢ, પ્ર. આ. ૨૦૦૬.

૨) ગુજરાતી સંત સાહિત્ય વિમર્શ, ડૉ. બળવંત જાની, પ્ર. આ.-૨૦૧૦

૩) આપણા સંતો, જિતેન્દ્ર પટેલ, પ્રકાશક પબ્લિકેશન અમદાવાદ, બી. આ.-૨૦૧૩

૪) ઉત્તર ગુજરાતનું સંત-પંથ સાહિત્ય, ડૉ.રાજેશ મકવાણા, ફ્લેમિંગો પબ્લિકેશન,અમદાવાદ, પ્ર.આ.-૨૦૧૪

५) गुजरात का हिन्दी संत साहित्य, डॉ रामकुमार गुप्त पकाशक शांन्ती प्रकाशन १७८० सेकटर-१ दिल्ही बाय-पास रोहतक १२४००१ (हरियाणा)

૬) भकित अभ्यर्थना: डॉ. गणेश द्विवेदी प्रकाशक पियुश द्रिवेदी, रुबिन द्रिवेदी आस्था द्रिवेदी एवंम समस्त, द्रिवेदी परिवार प्रकाशक वर्ष-२०१२

७) भकित अभ्यर्थना: डॉ. गणेश द्विवेदी प्रकाशक पियुश द्रिवेदी, रुबिन द्रिवेदी आस्था द्रिवेदी एवंम समस्त, द्रिवेदी परिवार प्रकाशक वर्ष-२०१२

૮) ભજનરસ, મકરંદ દવે, પ્રકાશક, નવભારત સાહિત્ય મંદિર, અમદાવાદ, પ્ર. આ.-૧૯૮૭

૯) ભજન રૂપદર્શન, ડૉ.નાથાલાલ ગોહિલ, પ્રકાશક પાર્શ્વ પબ્લિકેશન નિશાપોલ, ઝવેરીવાડ, રીલિફ રોડ, અમદાવાદ, પ્ર. આ-૨003

૯) શ્રી વાળીનાથ ગૌરવ ગાથા, પ્રકાશક, પ.પૂ. મહંતશ્રી બળદેવગિરિજી તથા પ.પૂ. કોઠારી સ્વામી ગોવિંદગિરિજી પ્રથમ આવૃતિ પ્રકાશક કોઠારી સ્વામીશ્રી ગોવિંદગિરિજી, ૨૦૦૪

૧૦) શ્રી વાળીનાથ ભજનાવલી, સંપાદક, પ.પૂ.મહંતશ્રી બળદેવગિરિજી અને પ્રકાશક, પ.પૂ.કોઠારી સ્વામીશ્રી ગોવિંદગિરિજી, બી. આ. – ૨૦૦૦

૧૧) બીજ મારગી ગુપ્ત પાટ, ઉપાસના અને કંઠસ્ય પરંપરામાં જળવાયેલી મહાપંથી સંતવાણી, ડૉ.નિરંજન રાજયગુરુ, પ્રકાશક ગુજરાતી સાહિત્ય અકાદમી પ્ર. આ.- ૧૯૯૫

૧૨) શ્રી બાણ ગંગેશ્વર મહાદેવ, વઘવાડી, ખેરાલુ જિ.મહેસાણા પરિચય પુસ્તિકા બાણગંગેશ્વર મહાદેવ ટ્રસ્ટ, વઘવાડી, તા.ખેરાલુ જી.મહેસાણા બી. આ. – ૨૦૦૯

૧૩) સંતવાણી, તત્વ અને તંત્ર, ડૉ.બળવંત જાની,  ગુજરાતી સાહિત્ય એકાદમી પ્ર.આ.- ૧૯૯૬

૧૪) સંતકેરી વાણી, મકરંદ દવે, નવભારત સાહિત્ય મંદિર, અમદાવાદ,પ્ર. આ.– ૧૯૭૦

૧૫) સંત પરંપરા વિર્મશ, ડૉ.રાજેન્દ્ર રાયજાદા, પ્રવીણ પુસ્તક ભંડાર, રાજકોટ, પ્ર. આ.-૧૯૮૯

---

ડૉ. રાજેશભાઈ એમ. રબારી

(મદદનીશ અધ્યાપક),

ગુજરાતી વિભાગીય અધ્યક્ષ,

સરકારી વિનયન કૉલેજ, બેચરાજી

સંપર્કસેતુ: ૭૭૭૮૦૬૯૯૨૫,

(rajeshumot84@gmail.com)